અપીલ અરજી નં.૩૮૧ તા.૮–૧૧–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી ડો. પંકજ જયંતિલાલ ગાંધી
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડો.પંકજ જયંતિલાલ ગાંધીની તા. ૧૭–૧૦–૧૧ની અરજીથી ૩/૨૩૮૦ થી નોંધાયેલ મિલકતમાં લીધેલ ગુમાસ્તાધારાનું લાયસન્સ કયા પુરાવાના આધારે આપેલ છે તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૮–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૮૧/૨૦૧૧–૧૨

શ્રી ડો.પંકજ જયંતિલાલ ગાંધીની તા. ૧૭–૧૦–૧૧ની અરજીથી ૩/૨૩૮૦ થી નોંધાયેલ મિલકતમાં લીધેલ ગુમાસ્તાધારાનું લાયસન્સ કયા પુરાવાના આધારે આપેલ છે તેની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સીઝેડ / એસ.એન્ડ.ઈ/ આઉટ નં./ ૨૪૦ તા. ૫–૧૧–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે નકલ સહ હકીકતલક્ષી વિગતો મોકલવા તથા** અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતી ,ફી ભર્યાની વિગત તથા જાહેર માહિતી અધિકારીના તા. ૫–૧૧–૧૧ના પ્રત્યુત્તર નમુનો–'એ' ની વિગતે માહિતી મળ્યા બાદ મુળ માંગેલ માહિતીના અનુસંધાને મુદ્દાવાર આધાર સહ નારાજગી સ્પષ્ટ કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૧૦૯૧ તા.૧૬–૧૧–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) તથા અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન પત્ર નં. સીઝેડ/એસ એન્ડ ઈ/ આ./૨૭૦ તા.૨૪/૨૯–૧૧–૧૧ થી પુરક માહિતીમાં નોંધ વિભાગ,અરજદારની મુળ અરજીની નકલ, પત્ર નં. સીઝેડ/એસ એન્ડ ઈ/ આ./૨૪૦ તા.૫–૧૧–૧૧થી અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ, ગુમાસ્તાધારાનું લાયસન્સ લેવા માટે ભરેલ ફોમ નમુનો–એ ની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૯–૧૧–૧૧ નો પત્ર મળેલ છે.

અરજદારની તા.૧૭–૧૦–૧૧ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતિ માંગતી અરજી જાહેર માહિતિ અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ના પત્ર નં. સીઝેડ / એસ.એન્ડ.ઈ/ આઉટ નં./ ૨૪૦ તા. ૫–૧૧–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતિ અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સીઝેડ/એસ એન્ડ ઈ/ આ./૨૭૦ તા.૨૪/૨૯–૧૧–૧૧ થી સમય અવધિમાં નોંધણી નં.સીઝેડ/એસ/૩/૨૩૮૦, ખાંગડશેરીના નાકે સલાબતપુરા, સુરત જેની નોંધણી તા.૨૬–૧૧–૮૭ના રોજ ફોર્મ નમુનો–"એ" ભરી કરાવવામાં આવેલ છે. જેની સાથે ઉપલબ્ધ દફતરી રેકર્ડ જોતાં કોઈ માહિતિ ઉપલબ્ધ નથી. તથા નમુનો ફોર્મ–એ નીનકલ મેળવવા બાબતે કુલ પાના–૨ થાય છે જે માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ના નિયમ ૫(૧)(૨)(ક) ના અનુક્રમ નં.૧ માં જણાવ્યા મુજબ એક પાનાદીઠ રૂ.૨/– પ્રમાણે કુલ પાના– ૨ ના રૂ.૪/– અંકે રૂપિયા ચાર ભરવાથી માંગેલ માહિતિના પૂરાવા મળી શકે તેમ છે.તેવુ જણાવેલ છે. જયારે અરજદારે તા.૧૯–૧૧–૧૧ ના પત્રમાં જણાવેલ કે કોઈપણ જાતના દસ્તાવેજી પુરાવા વગર આપશ્રીની સંસ્થા ધ્વારા ખોટી રીતે ગેરકાયદેસર કબ્જો ધરાવનાર વ્યકિત કે જે ભાડૂત નથી તેને ગુમાસ્તાધારા લાઈસન્સ આપી દઈને આપશ્રીની સંસ્થાએ ગેરકાયદેસર કબ્જો લેવામાં મદદ કરેલ છે. ખોટી રીતે ઈશ્યુ થયેલા **CZ/S/3/5958** નંબરના ગુમાસ્તાધારા લાઈસન્સના આધારે જે તે વ્યતિએ મિલ્કત બદ ઈરાદાથી પચાવી પાડેલી છે. આપશ્રીની જ સંસ્થાના આકારણી વિભાગની માહિતી પ્રમાણે તેમજ વેરા–બિલમાં ભાડૂત તરીકે મહેશ કેમીકલ એન્ડ કું નું નામ બોલે છે. તદઉપરાંત એસએમસીના સીટી સીવીક સેન્ટર ખાતે મૂકવામાં આવેલ કીઓસ્ક ઉપર જોતાં સદર **CZ/S/3/5958** નંબરના ગુમાસ્તાધારા લાઈસન્સમાં ટેનામેન્ટ નંબર દર્શાવતો નથી. આમ સદર ગુમાસ્તાધારા લાઈસન્સ ખોટી રીતે પુરાવા વગર ઈશ્યુ થયેલ છે. એસએમસી એ શા માટે મિલ્કતવેરાની નકલ,ભાડાકરાર લીધા વિના ગુમાસ્તાધારા લાઈસન્સ ઈશ્યુ કરેલ છે. તેમજ આવા ખોટી રીતે ઈશ્યુ કરવામાં આવેલા ગુમાસ્તાધારા લાઈસન્સ કેમ રદ નથી કરાતા. તેવુ જણાવેલ છે. પરંતુ અરજદારને પાઠવેલ પત્ર મુજબ મુળ અરજીની નકલ તથા ફી ભર્યાની વિગત રજુ કરેલ નથી. તેમજ માહિતી મેળવ્યા અંગે કોઈ આધારપુરાવા રજુ કરેલ નથી. અને તે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પુરક વિગતોમાં નમુના–એ નું ફોર્મ રજુ કરેલ છે. અરજદારે તેની અપીલમાં ગુમાસ્તાધારા લાયસન્સ આપવા બાબતે બદઈરાદા કે ગેરકાયદેસર કબ્જા બાબતે તકરારી મુદ્દાની રજુઆત કરેલ છે. જે અંગે સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવાની રહે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૭–૧૦–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી અરજદારને પૂરી પાડવામા આવેલ છે. અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ નથી. અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદારને માહિતી સમય અવધિમાં પુરી પાડેલ હોઈ ઈચ્છુક હોય તો લાગત ફાઈલનું ઈન્સ્પેકશન આરટીઆઈની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળની લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે અને તે ધ્વારા જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તરની ખરાઈ કરી શકે છે. અરજદારની તેવી માંગણી થયેથી જાહેર માહિતી અધિકારીએ ઈન્સ્પેકશન પુરુ પાડી થયેલી કાર્યવાહીની જાણ અત્રે કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે. "

અરજદારે અપીલ તબકકે ફરિયાદ હકીકતમાં જણાવેલ બદઈરાદા અને ગેરકાયદેસર કબ્જા બાબતે ઉપસ્થિત કરેલ તકરારી મુદ્દા અંગે સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)......જાણ તથા અમલ માટે
(૨) શ્રી ડો.પંકજ જયંતિલાલ ગાંધી